**સીરિયામાંથી ભારતીય નાગરિકોનું સ્થળાંતર**

11 ડિસેમ્બર, 2024

ભારત સરકારે સીરિયામાં તાજેતરમાં થયેલ ઘટનાક્રમ બાદ આજે 75 ભારતીય નાગરિકોને ત્યાંથી બહાર કાઢ્યા છે. ત્યાંથી કાઢવામાં આવેલ લોકોમાં જમ્મુ અને કાશ્મીરના 44 જાયરીનનો સમાવેશ થાય છે, જેઓ સઈદા જૈનબમાં ફસાયા હતા. તમામ ભારતીય નાગરિકો સુરક્ષિત રીતે લેબનોન પહોંચી ગયા છે અને તેઓ ઉપલબ્ધ વ્યવસાયિક ઉડાનો મારફતે ભારત પાછા ફરશે.

2. સીરિયામાં ભારતીય નાગરિકોની સુરક્ષા સ્થિતિની સમીક્ષા અને વિનંતીઓ બાદ, આ સ્થળાંતર દમાસ્કસ અને બેરૂતમાં સ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા સંકલિત રીતે કરવામાં આવ્યું હતું.

3. ભારત સરકાર વિદેશમાં સ્થિત ભારતીય નાગરિકોની સુરક્ષા અને સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. સીરિયામાં રહેતા ભારતીય નાગરિકોને અપડેટ્સ માટે દમાસ્કસમાં ભારતીય દૂતાવાસના ઇમરજન્સી હેલ્પલાઇન નંબર +963 993385973 (વૉટ્સએપ પર પણ) અને ઇમેઇલ આઇડી (hoc.damascus@mea.gov.in) પર સંપર્કમાં રહેવાની સલાહ આપવામાં આવે છે. સરકાર પરિસ્થિતિ પર નજીકથી દેખરેખ રાખી રહી છે.

**નવી દિલ્હી**

**11 ડિસેમ્બર, 2024**